# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ (ટેકનીકલ)

એલ.ડી કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર ઈજનેરી સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ: ૨૦૨૬-૨૭)

**પ્રથમ વર્ષ ડીગ્રી ઈજનેરીની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના રાઉન્ડ-૩ ની પ્રવેશ કાર્યવાહી તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ પૂર્ણ જાહેર કરવામાં આવે છે. રાજ્યની ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમ ચલાવતી તમામ સ્વનિર્ભર ઈજનેરી સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૩ની પ્રવેશ કાર્યવાહી બાદ નોન-એલોટમેન્ટ, નોન-રીપોર્ટીંગ અને સંસ્થા ખાતે પ્રવેશ રદ થવાના કારણે ખાલી રહેલી બેઠકોનો પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ છે.** સદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો પરનો પ્રવેશ ગુજરાત રાજ્યનાં પ્રવર્તમાન જાહેરનામાં મુજબ કરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/ ઉપર મુકવામાં આવેલ છે.

**પ્રવેશ કાર્યવાહી નો કાર્યક્રમ**

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | SFI Vacant Seat information on ACPC Website | 28.07.2026 |
| 2 | Vacant Seat Information on Institute Website | 29.07.2026 |
| 3 | Vacant Seat Admission: SFI<br>Application Form Distribution<br>Merit List Declaration on Institute Website<br>Admission Counselling at Institute level | From 28.07.2026 |
| 4 | **Last Date of Admission at SFI Institute Level** (as per AICTE academic calendar) | 14.08.2026 |

એડમીશન કમિટીનાં ઓન-લાઈન રાઉન્ડ બાદ સંસ્થા ખાતે રીપોર્ટીંગની છેલ્લી તારીખ અગાઉ જાહેર કર્યા મુજબ તા.૨૮.૦૭.૨૦૨૬ નાં રોજ રાખવામાં આવેલ છે. આ સાથે ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી તા.૨૮.૦૭.૨૦૨૬ થી જે તે સંસ્થા સ્તરે યોજાશે. જેનો પૂરો કાર્યક્રમ સદર સંસ્થાએ તેમના વેબસાઈટ પર મુકવાનો રહેશે. ઉમેદવારે જે-તે સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી અને સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે સંસ્થા દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ જે તે સંસ્થા ખાતે નિયત ફી રૂ. ૩૫૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સદર પ્રકિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે-તે સંસ્થા ખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ થતા ઉમેદવારને ફી રીફંડ; સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા અન્વયે "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.

સંસ્થાઓ ની ખાલી રહેલી બેઠકો, ફી તેમજ અન્ય જરૂરી માહિતી સમિતિની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/ ઉપર ઉપલબ્ધ છે. પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે કોઈપણ અસલ પ્રમાણપત્રો સંસ્થા ખાતે જમા કરાવવા ના રહેશે નહી. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. વધુ માહિતી તેમજ Latest Updates માટે સમિતિની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/be-b-tech વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા.૨૭.૦૭.૨૦૨૬** **- મેમ્બર સેક્રેટરી**

**Help Line Number: 079-26566000**